ક્રમાંક : સીડીએમ-૨૦૦૫-૩૫-૧૦૦૮(૨૯) પાર્ટ ફા.-કર

ગુજરાત સરકાર
નર્મદા, જ.સં.,પા.પૂ અને ક વિભાગ
સચિવાલય
ગાંધીનગર
તા: ૪ / ૦૬ /૨૦૦૫

પ્રતિ
સર્વે નોડલ અધિકારીશ્રીઓ
સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ

**વિષય** : સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના ચોથા તબક્કા અંતર્ગત બંધાનાર ચેકડેમોના સ્પેશીફીકેશન બાબત

**સંદર્ભ** : વિભાગના ઠરાવ ક્રમાંક :સીડીએમ-૨૦૦૪-૩૫-૨૯૦૪-કર તા: ૧-૪-૨૦૦૫

સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના ચોથા તબક્કાના અમલ માટે ચેકડેમની બાંધકામની બધી જ વિવિધ આઇટમોના સ્પેશીફીકેશનો- રૂ ૩ લાખ સુધીની અંદાજિત કિંમતવાળા તથા રૂ ૩ લાખથી વધુ અંદાજિત કિંમતવાળા ચેકડેમોના અલગ અલગ નિધારિત કરવામાં આવેલ છે જે બિડાણમાં આ સાથે સામેલ છે.

આ સ્પેશીફીકેશનો સંદભર્(૧) ના ઠરાવ અનુસાર કરારખતના ભાગરૂપે સામેલ કરવા માટે તેમજ તદનુસાર બાંધકામની કામગીરી અને ગુણવત્તા નિયમનની કામગીરી કરવા આજ્ઞાનુસાર વિનંતિ છે.

જે.કે.ત્રિવેદી
ઉપસચિવ (જળસંચય)

બિડાણ : ઉપર મુજબ
નકલ સાદર રવાના પ્રતિ ( બિડાણ સહિત ):

મુખ્ય ઇજનેર ( સૌ) અને.અ.સ.શ્રી, સચિવાલય
મુખ્ય ઇજનેર ( ઉ.ગુ) અને.અ.સ.શ્રી, સચિવાલય
મુખ્ય ઇજનેર ( મ.ગુ) અને.અ.સ.શ્રી, સચિવાલય
મુખ્ય ઇજનેર ( દ.ગુ) અને.અ.સ.શ્રી, સચિવાલય
મુખ્ય ઇજનેર ( પં) અને.અ.સ.શ્રી, સચિવાલય
મુખ્ય ઇજનેર ( ગુ.નિ) અને.અ.સ.શ્રી, સચિવાલય
વહીવટી સંચાલકશ્રી, ગુ.જ.સં.વિ.નિ.લી, ગાંધીનગર

## સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના ( ચોથો તબક્કો) અંતર્ગત ખેડૂત લોકજૂથો દ્વારા ચેકડેમો (રૂ ૩ લાખ સુધીની અંદાજિત કિંમત ધરાવતા) બનાવવાની કામગીરી

| | |
|---|---|
| કામનું નામ : | નદી/ વોકળાનું નામ: |
| પ્રાયોજકશ્રીનું નામ : | ગામ: |
| લોકજૂથનું નામ : | તાલુકાનું નામ: |
| જોબ નંબર: | જિલ્લાનું નામ: |
| સર્વે નંબર: ( ડાબા કાંઠે) | |
| ( જમણા કાંઠે) | |

## જનરલ સ્પેશીફીકેશન

(૧) આ કામ કરારખતની જોગવાઇ તેમજ સદરહુ યોજનાના અમલીકરણ માર્ગદર્શક રૂપરેખા તા: ૧-૪-૨૦૦૫ ના સરકારશ્રીના ઠરાવ નં સીડીએમ: ૨૦૦૪-૩૫-૨૯૦૪-કર માં તેમજ ત્યારબાદના વખતોવખતના ઠરાવોમાં દર્શાવ્યા મુજબ અને વિગતવાર સામેલ આઇટમ પ્રમાણે સ્પેશીફીકેશનની જોગવાઇ મુજબ હાથ ધરવાનું રહેશે.

(૨) સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણ મુજબ ચેકડેમના બાંધકામની ગુણવત્તાની જવાબદારી જે તે પ્રાયોજકોની રહેશે.

(૩) વર્કઓર્ડર મળેથી ૬૦ દિવસમાં કામ શરુ કરવાનું રહેશે અને ૪ માસની સમયમર્યાદામાં પૂર્ણ કરવાનું રહેશે. જો યોગ્ય કારણ વગર આ સમયમર્યાદામાં કામ શરુ કરવામાં ન આવ્યું હોય તો કામની મંજુરી સક્ષમ કક્ષાએથી રદ કરી શકાશે અને અરજી સાથે મળેલ ડિપોઝીટની રકમ સરકારશ્રીમાં જમા કરવાની રહેશે.

(૪) ચેકડેમોના કામો માટે જરુરી માલસામાન સાઇટપર આવી જાય ત્યારબાદ પ્રાયોજકે આ અંગેની લેખિતમાં જાણ પેટા વિભાગીય કચેરીને કરવાની રહેશે જેની નરી આંખે નિરિક્ષણ નાયબ કાર્યપાલક ઇજનેર/ મદદનીશ ઇજનેર દ્વારા થયેથી તાંત્રિક રીતે યોગ્ય સ્થળે બાંધકામની કામગીરી હાથ ધરી શકાશે.

(૫) કામ ઉપર સિમેન્ટ , રેતી, કપચીનું પ્રમાણ સીમેન્ટ કોંક્રીટની જે તે આઇટમમાં નિર્દિષ્ટ કરાયેલ ધારાધોરણ મુજબનું રાખવાનું રહેશે. સામાન્ય રીતે સીમેન્ટ કોંક્રીટની આઇટમોમાં સિમેન્ટનો વપરાશ નીચે મુજબનો કરવાનો રહેશે.

સી.સી. ૧:૪:૮ ૩.૪૦ થેલી પ્રતિ ઘ.મી

સી.સી. ૧:૩:૬ ૪.૪૦ થેલી પ્રતિ ઘ.મી

સી.સી. ૧:૨:૪ ૬.૪૦ થેલી પ્રતિ ઘ.મીકોંક્રીટકામની ગુણવત્તા સંબંધી જો કોઇ શંકા જણાશે તો સરકારશ્રીના પ્રતિનિધિ દ્વારા આ કામના કયુબના સેમ્પલ લઇ સરકાર

માન્ય પ્રમાણિત લેબોરેટરીમાં ટેસ્ટ કરાવવામાં આવશે જેના પરિણામો પ્રાયોજકશ્રીને બંધનકર્તા રહેશે.

(૬) સીમેન્ટની ગુણવત્તા જળવાઇ રહે તે માટે મીની સિમેન્ટ પ્લાન્ટની સિમેન્ટ વાપરવાની રહેશે નહીં,ફકત મોટા સિમેન્ટ પ્લાન્ટની,૪૩/૫૩ ગ્રેડની,આઇ.એસ.આઇ માર્કાની ,ગુણવત્તાના પ્રમાણિત ધારાધોરણ ધરાવતી ઓર્ડિનરી પોર્ટલેન્ડ સીમેન્ટ જ વાપરવાની રહેશે.

(૭) બાંધકામ દરમ્યાન જે વિસ્તારો અંતરિયાળ હોય, પાણીની અછત હોય, કયોરીંગ માટે સારૂ પાણી ઉપલબ્ધ ન હોય તેવા સંજોગોમાં કોંક્રીટકામનું કયોરીંગ કરવા માટે આઇ એસ ઓ ૯૦૦૧નું પ્રમાણપત્ર ધરાવતા ઉત્પાદકના કયોરીંગ કમ્પાઉન્ડનો ઉપયોગ કરી શકાશે જેનો ખર્ચ પ્રાયોજકશ્રીએ ભોગવવાનો રહેશે.

(૮) ચેકડેમની કામગીરીના સ્થળે કામ કરતા મજુરો તેમજ આસપાસના રહીશો વિગેરેની સંપૂર્ણ સલામતીની તકેદારી રાખવાની જવાબદારી પ્રાયોજકશ્રીની રહેશે.

(૯) ચેકડેમ માટે મંજુર થયેલ અંદાજિત રકમ પર કોઇ પણ પ્રકારનો વધારો સરકારશ્રીની પૂર્વમંજુરી વગર આપી શકાશે નહીં

(૧૦) સદર કામગીરીના ૩૦ % અને ૬૦ % પ્રગતિએ ગુણવત્તા નિયમનની ચકાસણી કરાવવાની રહેશે. જે સંતોષકારક જણાયેથી થયેલ કામના ૫૦ટકા રકમનું ચુકવણું પ્રથમ રનીંગ બિલ બનાવી પ્રાયોજકશ્રીના નામના ચેકથી કરી શકાશે.

(૧૧) ચેકડેમના કામ માટે સ્થળસ્થિતિ અનુસાર કુદરતી કારણોસર સરકારશ્રીના ૧-૪-૦૫ ના ઠરાવઅને વખતોવખત બહાર પાડવામાં આવેલ ઠરાવોમાં નક્કી કર્યા સિવાયની કોઇ આઇટમ કરવાની થશે તો તેનું ચુકવણું જે તે જિલ્લાના મંજુર થયેલ દરોની સુચિ ( એસ.ઓ.આર) ના ભાવો પ્રમાણે સરકારશ્રીની મંજુરી લઇને કરી શકાશે.

(૧૨) આખરી બિલ વખતે કુલ કિંમત ( સરકારી ફાળો +લોકફાળો )ના બિલોમાંથી ૧૦ ટકા રકમ અનામત લેખે કપાત કરી સદર વિભાગ ખાતે જમા રાખવામાં આવશે જે ચોમાસામાં ચેકડેમમાં પાણી ભરાયા બાદ અને કામ સંતોષકારક માલુમ પડે,હવાલાના નાયબ કાર્યપાલક ઇજનેર, ચાર્ટડ એકાઉન્ટન્ટનું ઓડિટ, ગુણવત્તા નિયમન અધિકારીશ્રીનું પ્રમાણપત્ર/ચેકલીસ્ટ મળેથી અને તકતી લગાવેથી પરત કરવામાં આવશે.

ઉપરોકત સામાન્ય શરતો અને સ્પેશીફીકેશન અમોએ વંચાણે લીધેલ છે, સમજુતિ મેળવેલ છે જે અમોને બંધનકર્તા છે જે માટે અમોએ નીચે સહી કરેલ છે.

ના.કા.ઇશ્રીની સહી                    પ્રાયોજકશ્રીની સહી

તારીખ :

**સાક્ષીઓ**
(૧)

(૨)

## સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના ( ચોથો તબક્કો)

## ખેડૂત જૂથો દ્વારા બનાવવામાં આવતા(રૂ ૩ લાખ સુધીની અંદાજિત કિંમત ધરાવતા) ચેકડેમો

કામનું નામ :
પ્રાયોજકશ્રીનું નામ :
લોકજૂથનું નામ :
જોબ નંબર:
સર્વે નંબર: ( ડાબા કાંઠે)
( જમણા કાંઠે)

નદી/ વોકળાનું નામ:
ગામ:
તાલુકાનું નામ:
જિલ્લાનું નામ:

## વિગતવાર સ્પેશીફીકેસન

આઇટમ નં-૧

(અ) દરેક પ્રકારની માટી /હાર્ડ મુરમમાં પાયાનું ખોદાણ કરી ખોદાણમાંથી નીકળેલ માટી ને કાંઠા ઉપર તમામ લીડ અને લીફ્ટ સાથે નાંખવાની તથા પાયામાં પાણી ઉલેચવા સહિતની કામગીરી ( કોઇપણ ઉંડાઇ સુધી)

**દરેક જાતની માટી/ હાર્ડ મુરમમાં પાયાનું ખોદાણ કરી તમામ અંતર અને ચઢાઇ સુધી ખોદાણની માટી નાખવી. પાયામાંથી પાણી ઉલેચવા સહિતની અને ખોદાણમાંથી નીકળેલ સારી માટીથી પાયાનું પુરાણ કરવું.**

**મંજુર થયેલ નકશા અંદાજમાં દશાવેલ લંબાઇ, પહોળાઇ તેમજ ઉંડાઇ મુજબ પાયાનું ખોદાણ કરી પાયો ધસી ન જાય તે માટે જરૂરી આડશો/પાલખો રાખવી, પાયામાંથી નીકળતું પાણી ઉલેચવું તથા ખોદાણમાંથી નીકળેલ માટી/ હાર્ડ મુરમ નક્કી કરેલ સ્થળે તમામ લીડ તથા લીફ્ટ સાથે નાંખવા સુધીની કામગીરી કરવાની રહેશે. ઉપરાંત પાયાના ખોદાણમાંથી નીકળતી માટી સાઇટ ઇજનેરના માર્ગદર્શન પ્રમાણે થયેલ કોંક્રીટકામની આજુબાજુના પુરાણમાં અથવા ચેકડેમના વહેળાના બંને બાજુના પાળા ઉંચા થાય તે રીતે નાખવાની રહેશે. ખોદેલ માટી ચેકડેમના વાંધામાં પાણીનો અવરોધ થાય તે રીતે નાંખવા દેવામાં આવશે નહીં અને જો નાંખવામાં આવી હશે તો થયેલ ખોદાણકામનું ચુકવણું કરવામાં આવશે નહીં. પ્રાયોજકે પોતાના ખર્ચે અને જોખમે આ માટી વહેળાની બંને બાજુએ ખસેડવાની રહેશે જેનું કોઇ વધારાનું ચુકવણું કરવામાં આવશે નહીં.**

**ઉપર મુજબની ખોદાણની કામગીરી પૂર્ણ થયેથી સ્થળ ઉપર થયેલ ખરેખર કામ અથવા તો મંજુર થયેલ અંદાજના માપ એ બેમાંથી જે ઓછું હોય તે મુજબ, ખોદાણ કામની ઉંડાઇ શરુઆતના અને આખરી લેવલના આધારે ગણતરી કરી કામનો જથ્થો ઘનમીટરમાં ગણવામાં આવશે અને મંજુર થયેલ અંદાજના ખોદાણના ભાવો મુજબ ચુકવણું કરવામાં આવશે. અંદાજ કરતાં વધારે ખોદાણનો જથ્થો**

**કરવાનો થશે તો વધારાના જથ્થાનું ચુકવણું સક્ષમ કક્ષાએથી મંજુરી મેળવ્યા બાદ જ કરી શકાશે. ખોદાણની માટી માટીપુરાણના વાપરવામાં આવે તો બેક ફીલીંગના માપો અલગ રીતે ચુકવવામાં આવશે નહીં.**

**પાયાના ખોદાણની કામગીરીનો ભાવ પ્રતિ ઘનમીટર મુજબ ગણવાનો રહેશે.**

<u>આઇટમ નં-૧</u>

(બ) પાયાનું ખોદાણ નરમ પથ્થરમાં ( સોફ્ટ રોક) કરી ખોદાણમાંથી નીકળેલ માલ દરેક લીડ અને લીફટ સાથે સુચના મુજબ નાંખવાની કામગીરી ( કોઇપણ ઉંડાઇ સુધી)

**ખોદાણકામ નરમ/પોચા પથ્થરમાં કરવાનું રહેશે. (જે પથ્થર નું ખોદાણ ત્રીકમથી, કોસથી, ઘણછીણાથી થઇ શકે તેવા પથ્થરને નરમ/પોચો પથ્થર ગણવાનો રહેશે). ખોદાયેલ નરમ પથ્થરને બેકફીલીંગ કે પાળાના કામમાં વાપરવાનો રહેશે નહીં અને ઇજનેશ્રીની સુચના મુજબ દુર કરવાનો રહેશે. બાકીની કામગીરી ઉપરોક્ત આઇટમ નં.૧ (અ) મુજબના સ્પેશીફીકેશન પ્રમાણે કરવાની રહેશે.**

**ખોદાણની કામગીરી પૂર્ણ થયેથી ખોદાણના માપ ઉપરોક્ત આઇટમ નં.૧ (અ) મુજબ ઘનમીટરમાં ગણવામાં આવશે અને મંજુર થયેલ અંદાજના ખોદાણના ભાવો મુજબ ચુકવણું કરવામાં આવશે. અંદાજ કરતાં વધારે ખોદાણનો જથ્થો કરવાનો થશે તો વધારાના જથ્થાનું ચુકવણું સક્ષમ કક્ષાએથી મંજુરી મેળવ્યા બાદ જ કરી શકાશે.**

**પાયાના ખોદાણની કામગીરીનો ભાવ પ્રતિ ઘનમીટર મુજબ ગણવાનો રહેશે.**

<u>આઇટમ નં-૧</u>

(ક) પાયાનું ખોદાણ સખત પથ્થરમાં ( હાર્ડ રોક) કરી ખોદાણમાંથી નીકળેલ માલ દરેક લીડ અને લીફટ સાથે સુચના મુજબ નાંખવાની કામગીરી ( કોઇપણ ઉંડાઇ સુધી)

**પાયાના ખોદાણમાં માટી/ હાર્ડ મુરમ ( ઓવરબર્ડન ), નરમ પથ્થર પછી સખત પથ્થરમાં કરવાનું આવે તો જે પડને બ્લાસ્ટીંગથી, ઘણછીણાથી ખોદાણ કરી કાઢવું પડે તવા ખોદાણને હાર્ડ રોકમાં ગણવામાં આવશે.**

**ખોદાણમાંથી નીકળેલ પથ્થરને ઇજનેરશ્રીની સુચના મુજબ સ્થળ ઉપરથી દૂર કરવાનો રહેશે.બાકીની કામગીરી ઉપરોક્ત આઇટમ નં.૧(અ) મુજબના સ્પેશીફીકેશન પ્રમાણે કરવાની રહેશે.**

**જો મંજુર થયેલ અંદાજમાં દરેક પ્રકારના સ્તરોમાં ખોદાણની આઇટમો ભેગી કરીને સરેરાશ ભાવ નક્કી કરેલ હશે તો ખોદાણકામ દરમ્યાન બધા જ પ્રકારની માટી/મુરમ, સોફ્ટ રોક અને હાર્ડ રોકમાં સરેરાશ ભાવે કરી આપવાનું રહેશે.**

**આ કામનું માપ ઉપર આઇટમ નં.૧ (અ) મુજબ પ્રતિ ઘનમીટરમાં ગણવામાં આવશે અને મંજુર થયેલ અંદાજના હાર્ડ રોકના ખોદાણના ભાવો મુજબ ચુકવણું કરવામાં આવશે.**

આઇટમ નં-૨

માટીકામ/ બેકફીલીંગ, પસંદ કરેલ સારી જાતની માટીથી લાઇટ રોલીંગ વોટરીંગ સાથે કરવાનું કામ ( તમામ ચલાઇ અને તમામ ચઢાઇ સાથે)

આ આઇટમનો ઉપયોગ ચેકડેમના પાયાના ખોદાણમાં કોંક્રીટકામ કર્યા પછી બાકી રહેતી ગેપોમાં, એબટમેન્ટ, રીટેઇનીંગ વોલની પાછળની બાજુના પુરાણ માટે તેમજ કાંઠા ઉપરના પાળાના માટીકામ માટે કરવાનો રહેશે. ચેકડેમ માટે પાયામાં જરુરી માટી પુરાણ ૨૦ સે.મી જાડાઇના થરમાં કરવાનું રહેશે. દરેક થરને પાણી છાંટી હાથકુબા વડે દબાવવાનું રહેશે.

આ કામના માપો પાયાના ખોદાણમાં કોંક્રીટકામ કર્યા પછી બાકી રહેતા ગેપના માપો ગણી જથ્થો ગણવાનો રહેશે. આ સિવાય ચેકડેમની બાજુએ સ્થળ સ્થિતિ અનુસાર માટીકામ પાળામાં કરવાનું હોય તો તે કામ લાઇટ રોલીંગ વોટરીંગ સાથે કરવાનું રહેશે. જેનો સમાવેશ આ આઇટમ હેઠળ કરવામાં આવશે અને આ પાળાની માટીકામનું ચુકવણું લેવલ આધારિત માપોથી ગણતરી કરીને કરવાનું રહેશે. આ કામ પસંદ કરેલ સારી જાતની માટી બહારથી લાવવાની રહેશે. જો પાયાના ખોદાણમાંથી નીકળેલ માટી બેકફીલીંગ કે પાળામાં વાપરવામાં આવશે તો તેનું ચુકવણું આ આઇટમ હેઠળ કરવામાં આવશે નહીં. ખોદાણમાંથી નીકળેલ નરમ પથ્થર/ સખ્ત પથ્થરનો આ કામગીરી માટે ઉપયોગ કરવાનો રહેશે નહીં.

માટી પુરાણનો જથ્થો પ્રતિ ઘનમીટરમાં ગણવામાં આવશે અને મંજુર થયેલ અંદાજના આ આઇટમના ભાવ મુજબ ચુકવણું કરવામાં આવશે.

આઇટમ નં-૩

સિમેન્ટ, રેતી, ભરડીયાની કપચી વાપરીને સી.સી.૧:૪:૮ પાયામાં નાખવાની કામગીરી તમામ લીડ અને લીફટ સાથે તેમજ જરૂરી ફોર્મવર્ક, કોમ્પેકશન , ફીનીશીંગ સહિતની કામગીરી

કોંક્રીટ માટે જરૂરી માલસામાન સરકારશ્રીના નિયત કરેલ ધારાધોરણ મુજબના હોવા જોઇએ. કોંક્રીટમાં સિમેન્ટ, રેતી તથા કપચી મેટલનું પ્રમાણ નિયત પ્રમાણ (૧:૪:૮)મુજબનું રાખવાનું રહેશે.

૧૨ મી.મી થી ૬૦ મી.મી સુધીની સાઇઝની ગ્રેડેડ મેટલ સાઇટ ઇજનેરની સુચના મુજબ નક્કી કરેલ પ્રમાણમાં વાપરવાની રહેશે. રેતી જાડી, દાણાદાર, સીલ્ટ કે માટી વગરની, ચોખ્ખી અને ચાળણીથી ચાળેલી વાપરવાની રહેશે. રેતી, કપચી ભરવા માટે બોક્ષનો ઉપયોગ કરવાનો રહેશે. નિયત પ્રમાણમાં સિમેન્ટ, રેતી અને કપચી મીક્ષ્ચરમાં નાંખીને મીક્ષ્ચરને ૨ મીનીટ સુધી ફેરવી બરાબર મિશ્રણ કરવાનું રહેશે. તૈયાર થયેલ કોંક્રીટનો ઘાણનો જથ્થો ૩૦ મીનીટમાં જ સ્થળ ઉપર વધુમાં વધુ ૪૫ સે.મી. જાડાઇના થરમાં પાથરવાનો રહેશે. કોંક્રીટના મિશ્રણમાં પાણીનું પ્રમાણ ઓછામાં ઓછું અને જરૂરી માત્રામાં જ વાપરવાનું રહેશે.

કોંક્રીટને ઘટ બનાવવા લોખંડના સળિયા અથવા હથોડી વડે કંપન આપીને બરાબર ખાંચ્વાનું રહેશે અથવા તો નીડલ વાઇબ્રેટરનો પણ ઉપયોગ થઇ શકશે. કોંક્રીટકામને જામી ગયા પછી ઓછામાં ઓછુ ૧૪ દિવસ સુધી સતત પાણી છાંટી સપાટીને ભીંની રાખવાની રહેશે. થયેલ કોંક્રીટકામની ૨૮ દિવસને અંતે સખ્તાઇ ધારાધોરણ મુજબની હોવી જોઇએ. આ કામ માટે વાપરવાનું થતું ફોર્મવર્ક લોખંડનું અને લાઇન લેવલ મુજબનું હોવું જોઇએ.

કામના માપો સ્થળ ઉપર થયેલ કામ મુજબ અથવા મંજુર થયેલ અંદાજના જથ્થા એ બેમાંથી જે ઓછુ હોય તે ગણવાનું રહેશે. કોંક્રીટકામના જથ્થાને ઘનમીટરમાં ગણવાનો રહેશે અને મંજુર થયેલ અંદાજના આ આઇટમના ભાવથી થયેલ કામના જથ્થાનું ચુકવણું કરવાનું રહેશે.

આઇટમ નં-૪

સિમેન્ટ, રેતી, ભરડીયાની કપચી વાપરીને સી.સી.૧:૩:૬માં કરવાની કામગીરી તમામ લીડ અને લીફટ સાથે તેમજ જરૂરી ફોર્મવર્ક, કોમ્પેકશન , ફીનીશીંગ સહિતની કામગીરી

ચેકડેમના પાયાનું કામ બરાબર રીતે પુરુ થયા પછી, પાયાના લેવલો લેવડાવ્યા બાદ, પાયા ઉપરના ભાગોમાં સીમેન્ટ કોંક્રીટ ૧:૩:૬ના પ્રમાણમાં કરવાનું રહેશે. કોંક્રીટ માટે જરૂરી માલસામાન સરકારશ્રીના નિયત કરેલ ધારાધોરણ મુજબનો હોવો જોઇએ. કોંક્રીટમાં સિમેન્ટ , રેતી તથા કપચી મેટલનું પ્રમાણ નિયત પ્રમાણ ( ૧:૩:૬)નું રાખવાનું રહેશે.

કોંક્રીટમાં ગ્રીટ ૪.૭૫ મીમી થી ૧૦ મી.મી અને કપચી ૧૨ મી.મી થી ૪૦ મી.મી સાઇઝની વાપરવાની રહેશે.બાકીની કામગીરી ઉપર આઇટમ નં.૩ માં સુચવ્યા મુજબ કરવાની રહેશે.

કોંક્રીટકામના જથ્થાને ઉપર આઇટમ નં.૩માં દર્શાવ્યા મુજબ ઘનમીટરમાં ગણવાનો રહેશે અને મંજુર થયેલ અંદાજ મુજબના આ આઇટમના ભાવથી થયેલ કામના જથ્થાનું ચુકવણું કરવાનું રહેશે.

આઇટમ નં-૫

સિમેન્ટ, રેતી, ભરડીયાની કપચી વાપરીને સી.સી.૧:૨:૪માં કરવાની કામગીરી તમામ લીડ અને લીફટ સાથે તેમજ જરૂરી ફોર્મવર્ક, કોમ્પેકશન , ફીનીશીંગ સહિતની કામગીરી

આ આઇટમ સામાન્ય રીતે ચેકડેમના બાંધકામમાં વાપરવાની થતી નથી પરંતુ સ્થળ સ્થિતિને ધ્યાનમાં રાખી જો આલેખનમાં સી.સી.૧:૨:૪ નો ઉપયોગ અનિવાર્ય હોય અને તે મુજબની તાંત્રિક મંજુરી સરકારશ્રી દ્વારા ખાસ કિસ્સામાં આપવામાં આવેલ હોય ત્યારે જ વાપરવાની રહેશે.

મંજુર થયેલ નકશા-અંદાજ મુજબ ચેકડેમના જે ભાગોમાં ૧:૨:૪ ના પ્રમાણમાં કોંક્રીટકામ કરવાનું હોય ત્યાં સિમેન્ટ, રેતી, ગ્રીટ-કપચીનું પ્રમાણ ૧:૨:૪ ના પ્રમાણમાં લેવાનું રહેશે. કોંક્રીટમાં

**૪.૭૫ મી.મી થી ૨૦ મી.મી ની સાઇઝની ગ્રીટ-કપચી વાપરવાની રહેશે.બાકીની કામગીરી ઉપર આઇટમ નં.૩ માં સુચવ્યા મુજબ કરવાની રહેશે.**

**કામના માપો પણ પ્રતિ ઘનમીટરમાં અને થયેલ કામના જથ્થાની ગણતરી ઉપર આઇટમ નં.૩ મુજબ ગણી મંજુર થયેલ અંદાજમાં નિર્દિષ્ઠ કરેલ આ આઇટમના ભાવ મુજબ ચુકવણું કરવામાં આવશે.**

આઇટમ નં.૬

સપ્લાઇંગ એન્ડ ફીકસીંગ સ્ટીલ રેઇનફોર્સમેન્ટ ( લોખંડના સળિયા)

**રેઇનફોર્સમેન્ટ સીમેન્ટ કોંક્રીટ ( આર.સી.સી.) કામ માટે વાપરવાનું થતું લોખંડ (સળિયા) ઉંચી ગુણવત્તા ધરાવતું, નકશામાં જણાવેલ લંબાઇના માપ, વ્યાસ અને આકાર મુજબનું વાપરવાનું રહેશે. સળિયાના સાંધા હવાલાના ઇજનેરશ્રીની સુચના મુજબ ઓવરલેપ કરવાના રહેશે અથવા તો વેલ્ડીંગ કરવાના રહેશે. સળિયા બાંધવા માટે બાઇન્ડીંગ વાયરનો ઉપયોગ કરવાનો રહેશે જેનું અલગથી ચુકવણું કરવામાં આવશે નહીં.**

**સળિયાના માપો તેની વપરાયેલ કુલ લંબાઇને મીટરમાં ગણી તેના માપના સ્ટાન્ર્ડડ વજન મુજબ પ્રતિ કિલોગ્રામમાં ગણી મેટ્રીક ટનના ભાવ મુજબ ચુકવણું કરવામાં આવશે.**

આઇટમ નં.૭

આરસની ચેકડેમની વિગતો લખેલી તકતી લગાડવાનું કામ:

**આરસ પથ્થરની ૪૫ સે.મી x ૪૫ સે.મી x૨.૫ સે.મી. ની તકતી લાવીને તકતી ઉપર ઇજનેરશ્રીના માર્ગદર્શન પ્રમાણે લખાણ કોતરીને ચેકડેમની કોંક્રીટની દિવાલમાં જણાવ્યા પ્રમાણે સીમેન્ટ મોર્ટાર ૧:૩ થી ફીટ કરવાની રહેશે. દરેક ચેકડેમ દીઠ એક તકતી લગાવવાની રહેશે.**

**તકતીનું ચુકવણું ઠરાવની સંબંધિત જોગવાઇ મુજબ કરવામાં આવશે.**

આઇટમ નં ૮

હાર્ડ રોકમાં ૨૫ મીમી વ્યાસનું ૬૦ સેન્ટીમીટર ની મર્યાદામાં ઉંડાઇનું બોરીંગ:

**હાર્ડ રોક અને કોંક્રીટનું બોન્ડ મેળવવા માટે હાર્ડ રોકમાં ૨૫ મી.મી. વ્યાસનું ૬૦ સે.મી. નું ઉંડું બોરીંગ કરવાનું રહેશે.૧૬ મી.મી. વ્યાસના લોખંડના સળિયાને સુચના મુજબ સીમેન્ટ અને પાણીની સ્લરીથી સળિયો ફીટ કરવાનો રહેશે. એન્કર બારની સંખ્યા પાયાના પથ્થરને અનુરુપ હવાલાના ઇજનેરશ્રીની/ભુસ્તરશાસ્ત્રીની સુચના મુજબ રાખી કરવાનું રહેશે.**

**એન્કરબારનું ચુકવણું આઇટમ નં.૬ મુજબ કરવામાં આવશે.અને બોરીંગ કામનું ચુકવણું પૂર્ણ થયેલ આઇટમ સાથે નંગ પ્રમાણે કરવાનું રહેશે.**

**ઉપર જણાવેલ સ્પેશીફીકેશન અમોએ વાંચ્યા છે, સમજ્યા છીએ અને તે પ્રમાણે ચેકડેમનું કામ કરવા અમો ખાતરી આપીએ છીએ અને અમોને બંધનકર્તા છે જે બદલ અમોએ નીચે મુજબ સહી કરેલ છે.**

નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીની સહી　　　　　　　　　　　　પ્રાયોજકશ્રીની સહી

તારીખ:

સાક્ષી　(૧)

(૨)

## સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના ( ચોથો તબક્કો)
## અંતર્ગત ખેડુત લોકજુથો, ઔદ્યોગિક ગૃહો અને સ્વૈચ્છિક સસ્થાઓ દ્વારા ચેકડેમો
## (રૂ ૩ લાખથી વધુ અંદાજિત કિંમતના) બનાવવાની કામગીરી

કામનું નામ : નદી/ વોકળાનું નામ:
ખેડુત લોકજુથો/ઔદ્યોગિક ગૃહનું/
સ્વૈચ્છિક સંસ્થાનું નામ :
ગામનું નામ : તાલુકાનું નામ:
જોબ નંબર: જિલ્લાનું નામ:
સર્વે નંબર: ( ડાબા કાંઠે)
( જમણા કાંઠે)

## જનરલ સ્પેશીફીકેશન

(૧૩) આ કામ કરારખતની જોગવાઇ તેમજ સદરહુ યોજનાના અમલીકરણ માર્ગદર્શક રૂપરેખા તા: ૧-૪-૨૦૦૫ ના સરકારશ્રીના ઠરાવ નં સીડીએમ: ૨૦૦૪-૩૫-૨૯૦૪-કર માં દર્શાવ્યા મુજબ અને ત્યારબાદ વખતોવખત બહર પાડવામાં આવેલ ઠરાવો અને વિગતવાર સામેલ આઇટમ પ્રમાણે સ્પેશીફીકેશનની જોગવાઇ મુજબ હાથ ધરવાનું રહેશે.

(૧૪) સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણ મુજબ ચેકડેમના બાંધકામની ગુણવત્તાની જવાબદારી જે તે પ્રાયોજકોની રહેશે.

(૧૫) વર્કઓર્ડર મળેથી ૬૦ દિવસમાં કામ શરુ કરવાનું રહેશે અને ૧ વર્ષની સમયમર્યાદામાં પૂર્ણ કરવાનું રહેશે. જો યોગ્ય કારણ વગર આ સમયમર્યાદામાં કામ શરુ કરવામાં ન આવ્યું હોય તો કામની મંજુરી સક્ષમ કક્ષાએથી રદ કરી શકાશે અને અરજી સાથે મળેલ ડિપોઝીટની રકમ સરકારશ્રીમાં જમા કરવાની રહેશે.

(૧૬) ચેકડેમોના કામો માટે જરુરી માલસામાન કામના સ્થળે આવી જાય તેની પ્રાયોજકે લેખિતમાં જાણ પેટા વિભાગીય કચેરીને કરવાની રહેશે જેની રૂ ૩ લાખથી ૧૫ લાખ સુધીની અંદાજિત કિંમતવાળા કિસ્સામાં નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી/મદદનીશ ઇજનેરશ્રી દ્વારા નરી આંખે ચકાસણી કરવાની રહેશે. રૂ ૧૫ લાખથી વધુ અંદાજિત કિંમત ધરાવતા ચેકડેમોના કિસ્સામાં માલસામાનની લેબોરેટરી ચકાસણી સંસ્થાઓએ પોતાના ખર્ચે કરવાની રહેશે અને તેની યોગ્યતાના પ્રમાણપત્રો નાયબ કાર્યપાલક ઇજનેર/ મદદનીશ ઇજનેરને રજુ કર્યા બાદ જ તાંત્રિક રીતે યોગ્ય સ્થળે બાંધકામની કામગીરી હાથ ધરી શકાશે.

(૧૭) કામ ઉપર સિમેન્ટ , રેતી, કપચીનું પ્રમાણ સીમેન્ટ કોંક્રીટની જે તે આઇટમમાં નિર્દિષ્ટ કરાયેલ ધારાધોરણ મુજબનું રાખવાનું રહેશે. સામાન્ય રીતે સીમેન્ટ કોંક્રીટની આઇટમોમાં સિમેન્ટનો વપરાશ નીચે મુજબનો કરવાનો રહેશે.

સી.સી. ૧:૪:૮ ૩.૪૦ થેલી પ્રતિ ઘ.મી

સી.સી. ૧:૩:૬ ૪.૪૦ થેલી પ્રતિ ઘ.મી

સી.સી. ૧:૨:૪ ૬.૪૦ થેલી પ્રતિ ઘ.મી

તેમ છતાં જો કોઇ ઔદ્યોગિક ગૃહ કે સ્વૈચ્છિક સંસ્થા મીક્ષ ડિઝાઇન કરી કોંક્રીટનો ઉપયોગ કરવા માંગશે તો તેવા કિસ્સામાં સીમેન્ટનો વપરાશ સામાન્ય વપરાશ કરતાં ઓછો થશે તેની પ્રતિ કિલોગ્રામ રૂ ૩.૦૦ પ્રમાણે કોંક્રીટના ભાવમાં ઘટાડો કરી ચુકવણું કરવામાં આવશે. કોઇપણ સંજોગામાં સામાન્ય વપરાશ લેવલથી વધારે વપરાયેલ સિમેન્ટ માટે વધારાનું ચુકવણું કરવામાં આવશે નહીં. તે જ રીતે જે તે ગ્રેડના કોંક્રીટ કરતાં આઇ એસ.૪૫૬-૨૦૦૦માં નિર્દિષ્ટ લઘુત્તમ સિમેન્ટ વપરાશથી ઓછો વપરાશ કરી શકાશે નહીં. કોંક્રીટકામની ગુણવત્તા સંબંધી જો કોઇ શંકા જણાશે તો સરકારશ્રીના પ્રતિનિધિ દ્વારા આ કામના કયુબના સેમ્પલ લઇ સરકાર માન્ય પ્રમાણિત લેબોરેટરીમાં ટેસ્ટ કરાવવામાં આવશે જેના પરિણામો પ્રયોજકશ્રીને બંધનકર્તા રહેશે.

(૧૮) ચેકડેમમાં વપરાતાં કોંક્રીટકામના ક્યુબટેસ્ટ સરકાર દ્વારા પ્રમાણિત લેબોરેટરી અથવા નજીકની પોલીટેકનીક અથવા ઇજનેરી કોલેજમાં કરાવવાના રહેશે. આ ટેસ્ટીંગનો સઘળો ખર્ચ સરકારશ્રી તરફથી ભોગવવાનો રહેશે. આ માટે બોડીવોલના કોંક્રીટના ઓછામાં ઓછા ચાર કયુબ અને એપ્રોનના કોંક્રીટના ઓછામાં ઓછા બે કયુબ ટેસ્ટ કરાવવાના રહેશે.કામના સ્થળેથી ટેસ્ટીંગ લેબોરેટરી સુધી કયુબસેટ વહન કરવાની જવાબદારી પ્રયોજકશ્રીની રહેશે. ટેસ્ટીંગના બિલો અસલમાં સંબંધિત કા.ઇ.શ્રીને જમા કરાવવાના રહેશે. રૂ ૩ લાખથી ૧૫ લાખની અંદાજિત કિંમત ધરાવતા ચેકડેમના કિસ્સામાં ટેસ્ટીંગનો સઘળો ખર્ચ સરકારશ્રી તરફથી ભોગવવાનો રહેશે અને રૂ ૧૫ લાખથી વધુ અંદાજિત રકમ ધરાવતા ચેકડેમોના કિસ્સામાં ક્યુબ ટેસ્ટીંગ સંસ્થાએ સ્વખર્ચે કરવાનું રહેશે.

(૧૯) સીમેન્ટની ગુણવત્તા જળવાઇ રહે તે માટે મીની સિમેન્ટ પ્લાન્ટની સિમેન્ટ વાપરવાની રહેશે નહીં. સીમેન્ટ તાજો ત્રણ માસની અંદરના ઉત્પાદનવાળો, ફકત મોટા સિમેન્ટ પ્લાન્ટની, આઇ.એસ.આઇ માર્કાની, ૪૩/૫૩ ગ્રેડની, ગુણવત્તાના પ્રમાણિત ધારાધોરણ ધરાવતી ઓર્ડિનરી પોર્ટલેન્ડ સિમેન્ટ જ વાપરવાની રહેશે.

(૨૦) બાંધકામ દરમ્યાન જે વિસ્તારો અંતરિયાળ હોય, પાણીની અછત હોય, કયોરીંગ માટે સારૂ પાણી ઉપલબ્ધ ન હોય તેવા સંજોગોમાં કોંક્રીટકામનું કયોરીંગ કરવા માટે આઇ એસ ઓ ૯૦૦૧નું પ્રમાણપત્ર ધરાવતા ઉત્પાદકના કયોરીંગ કમ્પાઉન્ડ પ્રાયોજકશ્રી પોતાના ખર્ચે વાપરી શકશે.

(૨૧) ચેકડેમની કામગીરીના સ્થળે મજુરો તેમજ આસપાસના રહીશો વિગેરેની સંપૂર્ણ સલામતીની તકેદારી રાખવાની જવાબદારી પ્રાયોજકશ્રીની રહેશે. તેઓના અકસ્માત /વિમા વળતર કે વેતનની સમયસર ચુકવવાની જવાબદારી પણ પ્રયોજકશ્રીની રહેશે.

(૨૨) ચેકડેમ માટે મંજુર થયેલ રકમ પર કોઇ પણ પ્રકારનો વધારો સરકારશ્રીની પૂર્વમંજુરી વગર આપી શકાશે નહીં

(૨૩) સદર કામગીરીના ૩૦ % અને ૬૦ % પ્રગતિએ ગુણવત્તા નિયમનની ચકાસણી કરાવવાની રહેશે. જે સંતોષકારક જણાયેથી થયેલ કામના ૫૦ટકા રકમનું ચુકવણું પ્રથમ રનીંગ બિલ બનાવી પ્રાયોજકશ્રીના નામના ચેકથી કરી શકાશે.

(૨૪) ચેકડેમના કામ માટે સ્થળસ્થિતિ અનુસાર કુદરતી કારણોસર સરકારશ્રીના ૧-૪-૦૫ ના ઠરાવમાં તેમજ વખતોવખત બહાર પાડેલ ઠરાવોમાં નક્કી કર્યા સિવાયની કોઇ આઇટમ કરવાની થશે તો તેનું ચુકવણું જે તે જિલ્લાના મંજુર થયેલ દરોની સુચિ ( એસ.ઓ.આર) ના ભાવો પ્રમાણે સરકારશ્રીની પૂર્વ મંજુરી લઇને કરી શકાશે.

(૨૫) બાંધકામની કામગીરી પુરેપુરી પૂર્ણ થયેથી આખરી બિલ બનાવી શકાશે. કુલ કિંમત (સરકારી ફાળો +લોકફાળો)ના ૧૦ ટકા રકમ અનામત લેખે કપાત કરી સદર વિભાગ ખાતે જમા રાખવામાં આવશે.જે ચોમાસામાં પાણી ભરાયા બાદ, કામ સંતોષકારક માલુમ પડે હવાલાના નાયબ કાર્યપાલક ઇજનેર, ચાર્ટડ એકાઉન્ટન્ટનું ઓડિટ થયેથી, ગુણવત્તા નિયમન અધિકારીશ્રીનું પ્રમાણપત્ર મળેથી અને તકતી લગાવેથી પરત કરી શકાશે.

(૨૬) સરકારી કરવેરા જેવા કે ઇન્કમટેક્ષ /સેલ્સટેક્ષ, રોયલ્ટી તથા અન્ય વેરાઓ ચુકવવાની જવાબદારી પણ પ્રાયોજકશ્રીની/ સ્વૈચ્છિક સંસ્થાની રહેશે અને તેની કપાત બિલમાંથી કરવામાં આવશે. પ્રાયોજક / સ્વૈચ્છિક સંસ્થાએ ઇન્કમટેક્ષ/સેલ્સટેક્ષ કે અન્ય વેરા ચુકવવામાંથી મુકિત મેળવેલ હોય તો તેના પ્રમાણપત્રની ખરી નકલ બિલ સાથે બીડાણ કરવાની રહેશે અન્યથા દરેક ચુકવણાના બિલમાંથી પ્રવર્તમાન ધારાધોરણ મુજબ સરકારશ્રીના ટેક્ષની કપાત કરવામાં આવશે.

ઉપરોકત સામાન્ય શરતોના પેરાઓ અને સ્પેશીફીકેશન અમોએ વાંચ્યા છે, અમો સમજ્યા છીએ અને તે પ્રમાણે ચેકડેમનું કામ કરવા અમો ખાત્રી આપીએ છીએ અને તે અમોને બંધનકર્તા છે જે માટે અમોએ નીચે સહી કરેલ છે.

કા.ઇશ્રીની સહી                                        પ્રાયોજકશ્રીની સહી

તારીખ :

સાક્ષીઓ

(૧)

(२)

સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના ( ચોથો તબક્કો)
<u>અંતર્ગત ખેડુત લોકજુથો, ઔદ્યોગિક ગૃહો તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચેકડેમો</u>
<u>( રૂ ૩ લાખથી વધુ કિંમતના) બનાવવાની કામગીરી</u>

કામનું નામ : નદી/ વોકળાનું નામ:
ખેડત લોકજુથ/ઔદ્યોગિક ગૃહનું/
સ્વૈચ્છિક સંસ્થાનું નામ :
ગામ: તાલુકાનું નામ:
જોબ નંબર: જિલ્લાનું નામ:
સર્વે નંબર: ( ડાબા કાંઠે)
( જમણા કાંઠે)

## <u>વિગતવાર સ્પેશીફીકેસન</u>

<u>આઇટમ નં-૧</u>

(અ) દરેક પ્રકારની માટી / હાર્ડ મુરમમાં પાયાનું ખોદાણ કરી ખોદાણમાંથી નીકળેલ માટી ને કાંઠા ઉપર તમામ લીડ અને લીફટ સાથે નાંખવાની તથા પાયામાં પાણી ઉલેચવા સહિતની કામગીરી ( કોઇપણ ઉંડાઇ સુધી)

**ચેકડેમ માટે કરવાનું થતું ખોદાણ શરુ કરતાં પહેલાં કામના સ્થળના ઇનીસીયલ લેવલ હવાલાના ઇજનેરશ્રી દ્વારા લેવાના રહેશે. ચેકડેમનું ખોદાણ માટી/હાર્ડમુરમમાં તમામ લીડ અને લીફટ (તમામ ચલાઇ અને ચઢાઇ સાથે) કરવાનું રહેશે.ચેકડેમનું ખોદાણ માટે મંજુર થયેલ નકશા/ અંદાજ મુજબ જરૂરી લાઇન દોરી દર્શાવેલ જરૂરી લંબાઇ, પહોળાઇ તેમજ ઉંડાઇ સુધી કરવાનું રહેશે. પાયાના ખોદાણમાંથી નીકળેલ સારી માટીથી ચેકડેમના પાયાનું પુરાણ સહિતની કામગીરી કરવાની રહેશે. ખોદાણમાં જરૂરી ઉંડાઇ આવી જાય પછી તળીયાનું લેવલ એકસરખું કરવાનું રહેશે જરૂર જણાયે સ્ટેપ આપી કરવાનું રહેશે. પાયાનું તળિયાનું લેવલ આવી ગયા પછી હવાલાના ઇજનેરશ્રી પાસે પાયો મંજુર કરાવવાનો રહેશે તેમજ પાયાના લેવલ તથા માપો કામના હવાલાના ઇજનેરશ્રી દ્વારા લેવાના રહેશે.**

**પાયામાં કોંક્રીટકામ શરુ કરતાં પહેલાં પાયામાંથી માટી, ઢેફાં, ઝાડ-પાનના મુળિયાં દૂર કરી પાણીનો છંટકાવ કર્યા બાદ જ કોંક્રીટકામ શરુ કરવાનું રહેશે.**

**ખોદાણ દરમ્યાન ખોદાણમાંથી નીકળેલ માટી સારી જાતની હોય તો તેનો ઉપયોગ પાળો બનાવવામાં લઇ શકાશે પરંતુ તે માટે વધારાનું ચુકવણુ કરવામાં આવશે નહીં. ખોદાયેલ માટી કાળી કે નકામી અને બિનઉપયોગી હોય તો તેને સ્થળ ઉપરથી હવાલાના ઇજનેરની સુચના પ્રમાણે જણાવેલ તાણ સુધી નિકાલ કરવાનો રહેશે જેથી તે નડતરરુપ ન થાય. ખોદાયેલ માટીને ઉપરવાસ કે હેઠવાસમાં**

**પાણીના વહેણમાં નાંખવી નહીં. પાયાના ખોદાણકામ દરમ્યાન પૂરેપૂરી સાવચેતી રાખવાની રહેશે તે માટે જરૂર જણાય તો માટીના પડખાને જરૂરી ટેકા આપવાના રહેશે જેથી માટી ધસી ન પડે, કોઇ જાનહાનિ ન થાય. અન્યથા તેની જવાબદારી કામ કરતી સંસ્થા કે પ્રયોજકશ્રીની રહેશે. ખોદાણકામ દરમ્યાન પાયામાં પાણીનો આવરો હોય તો પંપીગ કરી પાણી ઉલેચવાનું રહેશે. આ કામનું કોઇ વધારાનું ચુકવણું કરવામાં આવશે નહીં.**

**ખોદાણની કામગીરી પૂર્ણ થયેથી થયેલ કામના જથ્થો ઉપરોકત નોંધેલ ઇનીશીયલ અને ફાઇનલ લેવલ મુજબના ક્રોસ સેકસન પ્રમાણે ગણવામાં આવશે. આ ગણતરી કરેલ જથ્થો અથવા તો મંજુર થયેલ અંદાજના માપ મુજબના માપ એ બેમાંથી જે ઓછું હોય તે મુજબ કામનો જથ્થો ઘનમીટરમાં ગણવામાં આવશે અને મંજુર થયેલ અંદાજના ખોદાણના ભાવો મુજબ ચુકવણું કરવામાં આવશે. ખોદાણના નિર્ધારિત દરમાં ઉપર નિર્દિષ્ટિ કરેલ બધી જ બાબતોનો સમાવેશ થઇ ગયેલ ગણાશે. માટીપુરાણના માપો નિર્ધારિત દર મુજબ અલગથી ચુકવવામાં આવશે નહીં. ખોદાણકામ અંગેનો કાર્યપાલક ઇજનેરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.**

**પાયાના ખોદાણની કામગીરીનો ભાવ પ્રતિ ઘનમીટર મુજબ ગણવાનો રહેશે.**

## આઇટમ નં-૧

(બ) પાયાનું ખોદાણકામ નરમ પથ્થરમાં (સોફ્ટ રોક) કરી ખોદાણમાંથી નીકળેલ માલ દરેક લીડ અને લીફ્ટ સાથે સુચના મુજબ નાંખવાની કામગીરી ( કોઇપણ ઉંડાઇ સુધી)

**ખોદાણકામ નરમ/પોચા પથ્થરમાં કરવાનું રહેશે. (જે પથ્થર નું ખોદાણ ત્રીકમથી, કોસથી, ઘણછીણાથી થઇ શકે તેવા પથ્થરને નરમ પથ્થર ગણવાનો રહેશે) બાકીની કામગીરી ઉપરોક્ત આઇટમ નં.૧ (અ) મુજબના સ્પેશીફીકેશન મુજબ કરવાની રહેશે. ખોદાયેલ નરમ પથ્થરને બેકફીલીંગ કે પાળાના કામમાં વાપરવાનો રહેશે નહીં અને હવાલાના ઇજનેરશ્રીની સુચના મુજબ દુર કરવાનો રહેશે.**

**ખોદાણની કામગીરી પૂર્ણ થયેથી થયેલ કામના જથ્થો ઉપર આઇટમ નં.૧(અ) માં સુચ વ્યા મુજબ ઘનમીટરમાં ગણવાનો રહેશે મંજુર થયેલ અંદાજના ખોદાણના ભાવો મુજબ ચુકવણું કરવામાં આવશે. ખોદાણકામ અંગેનો કાર્યપાલક ઇજનેરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.**

**પાયાના ખોદાણની કામગીરીનો ભાવ પ્રતિ ઘનમીટર મુજબ ગણી ચુકવણું કરવાનું રહેશે.**

## આઇટમ નં-૧

(ક) પાયાનું ખોદાણ સખત પથ્થરમાં ( હાર્ડ રોક) કરી ખોદાણમાંથી નીકળેલ માલ દરેક લીડ અને લીફટ સાથે સુચના મુજબ નાંખવાની કામગીરી ( કોઇપણ ઉંડાઇ સુધી)

**પાયાના ખોદાણમાં માટી/ હાર્ડ મુરમ ( ઓવરબર્ડન ) નરમ પથ્થર પછી સખત પથ્થરમાં કરવાનું આવે તો ( જે પડને બ્લાસ્ટીંગથી, ઘણછીણાથી ખોદાણ કરી કાઢવું પડે ) હાર્ડરોકમાં ખોદાણ ગણવામાં આવશે. ખોદાણમાથી નીકળેલ પથ્થરને અધિકારીશ્રીની સુચના મુજબ દુર કરવાનો રહેશે.બાકીની**

કામગીરી ઉપરોક્ત આઇટમ નં.૧(અ) મુજબના સ્પેશીફીકેશન મુજબ કરવાની રહેશે. જો મંજુર થયેલ અંદાજમાં દરેક પ્રકારના સ્તરોમાં ખોદાણની આઇટમો ભેગી કરીને સરેરાશ ભાવ નક્કી કરેલ હશે તો ખોદાણકામ દરમ્યાન બધા જ પ્રકારની માટી/મુરમ, સોફ્ટ રોક અને હાર્ડ રોકમાં સરેરાશ ભાવે કરી આપવાનું રહેશે.

ખોદાણની કામગીરી પૂર્ણ થયેથી થયેલ કામના જથ્થો ઉપર આઇટમ નં.૧(અ)માં સુચવ્યા મુજબ ઘનમીટરમાં ગણવાનો રહેશે મંજુર થયેલ અંદાજના ખોદાણના ભાવો મુજબ ચુકવણું કરવામાં આવશે. ખોદાણકામ અંગેનો કાર્યપાલક ઇજનેરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

પાયાના ખોદાણની કામગીરીનો ભાવ પ્રતિ ઘનમીટર મુજબ ગણવાનો રહેશે.

## આઇટમ નં-૨

### માટીકામ /બેકફીલીંગ, પસંદ કરેલ સારી જાતની માટીથી લાઇટ રોલીંગ વોટરીંગ સાથે તમામ લીડ અને લીફટ સાથ કરવાનું કામ

આ આઇટમનો ઉપયોગ ચેકડેમના પાયામાં ખોદાણમાં કોંક્રીટ કામ કર્યા પછી બાકી રહેતી ગેપોમાં, એબટમેન્ટ, રીટેઇનીંગ વોલની પાછળની બાજુના પુરાણ માટે તેમજ કાંઠા ઉપરના પાળાના માટીકામ માટે કરવાનો રહેશે. ચેકડેમના પાયામાં જરુરી માટી પુરાણ ૨૦ સે.મી જાડાઇના થરમાં કરવાનું રહેશે. દરેક થરને પાણી છાંટી હાથકુબા વડે દબાવવાનું રહેશે.

આ માટીમાં કોઇપણ પ્રકારનું દુષિત મટીરીયલ જેવું કે ઝાડ પાનના મુળિયાં, પાંદડાં દુર કરવાનું રહેશે અને ત્યારપછી જ વાપરી શકાશે. આ કામના માપો ચેકડેમના પાયાના ખોદાણમાં કોંક્રીટકામ કર્યા પછી બાકી રહેતી ગેપોના માપો ગણી જથ્થો ગણવાનો રહેશે. આ સિવાય ચેકડેમની બંને બાજુએ સ્થળ સ્થિતિ અનુસાર માટીકામ પાળામાં કરવાનું હોય તો તે કામ લાઇટ રોલીંગ વોટરીંગ સાથે કરવાનું રહેશે.જેનો સમાવેશ આ આઇટમ હેઠળ કરવામાં આવશે અને આ પાળાની માટીકામનું ચુકવણું લેવલ આધારિત માપોથી ગણત્રી કરીને કરવાનું રહેશે. પાયાના ખોદાણમાંથી નીકળેલ માટી પૈકી જે માટી બેકફીલીંગ કે પાળામાં વાપરવામાં આવશે તેનું ચુકવણું આ આઇટમ હેઠળ કરવામાં આવશે નહીં.

માટીકામ શરુ કરતાં પહેલાં કામના હવાલાના ઇજનેરશ્રી પાસેથી ઇનીસીયલ ગ્રાઉન્ડ લેવલ લેવડાવવાના રહેશે માટીકામ ડીઝાઇન સેકસન મુજબ પૂર્ણ કર્યા બાદ ફરીથી આખરી લેવલ લેવડાવવાના રહેશે. માટીકામની ગણતરી હવાલાના ઇજનેરશ્રી દ્વારા લેવાયેલ લેવલના આડછેદ પ્રમાણે કરવાની રહેશે. નિયત કરેલ આડછેદ કરતાં વધારાના કામનું ચુકવણું કરવામાં આવશે નહીં. માટીકામનું માપ સ્થળ પર સેકસન મુજબ પ્રતિ ઘનમીટર મુજબના દરે ચુકવવામાં આવશે. આ કામ માટે કાર્યપાલક ઇજનેરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

આ કામના માપો પાયાના ખોદાણ અને કોંક્રીટકામ પછી બાકી રહેતી ગેપ/પોલાણ ના માપો ગણી જથ્થો ગણવાનો રહેશે અને મંજુર થયેલ અંદાજના માટી પુરાણ પ્રતિ ઘનમીટરનો ભાવ મુજબ થયેલ કામના મુજબ ચુકવણું કરવામાં આવશે.

આઇટમ નં-૩

સિમેન્ટ, રેતી, ભરડીયાની કપચી વાપરીને સી.સી.૧:૪:૮ પાયામાં નાખવાની કામગીરી તમામ લીડ અને લીફટ સાથે તેમજ જરૂરી ફોર્મવર્ક, કોમ્પેકશન , ફીનીસીંગ સહિતની કામગીરી

**પાયાના કોંક્રીટ માટે જરૂરી માલસામાન સરકારશ્રીના નિયત કરેલ ધારાધોરણ મુજબનો સારી ગુણવત્તા ધરાવતો હોવો જોઇએ. કોંક્રીટમાં સિમેન્ટ રેતી તથા કપચી મેટલનું પ્રમાણ નિયત પ્રમાણ ( ૧:૪:૮)મુજબનું રાખવાનું રહેશે.**

**સિમેન્ટ તાજો, ત્રણ માસની અંદરના ઉત્પાદનવાળો ( મીની સિમેન્ટ પ્લાન્ટમાં તૈયાર થયેલ વાપરવાનો રહેશે નહીં.) , આઇ એસઆઇ માર્કાનો , સ્ટાન્ર્ડડ ઉત્પાદકનો , ૪૩ ગ્રેડ કે તેનાથી વધુ ગ્રેડનો ઓપીસી હોવો જોઇએ.**

**રેતી સારી, ચોખ્ખી, કાંપ કે માટી વગરની ચાળણીથી ચાળેલી વાપરવાની રહેશે. રેતીમાં સીલ્ટનું પ્રમાણ ૫ ટકાથી વધવું ન જોઇએ.**

**કપચી સારા બેસાલ્ટ પથ્થરની મજબુત, દળદાર, છાંટ વગરની હોવી જોઇએ. કપચીની સાઇઝ ૧૨ મી.મી થી ૬૦ મી.મી. મશીન ક્રસ્ડ વાપરવાની રહેશે. કપચી ચપટી કે અણીદાર ન હોવી જોઇએ. નાની તથા મોટી સાઇઝની કપચીનું પ્રમાણ સાઇટ ઇજનેરની સુચના મુજબની નક્કી કરેલ પ્રમાણમાં વાપરવાની રહેશે. કપચી જુદી જુદી સાઇઝના ગ્રેડેડ યોગ્ય પ્રમાણમાં મીશ્રિત થયેલ હોવી જોઇએ.**

**પાણી સારુ પીવાલાયક વાપરવાનું રહેશે.**

**ઉપરોક્ત તમામ માલસામાન હવાલાના ઇજનેરશ્રી ચકાસણી બાદ મંજુરી મળ્યેથી વાપરવાનું રહેશે. બાકીની કામગીરી નીચે દર્શાવેલ આઇટમ નં.૪ મુજબ કરવાની રહેશે.**

**કોંકીટકામના જથ્થાને ઘનમીટરમાં ગણવાનો રહેશે કામના માપો સ્થળ ઉપર થયેલ કામ મુજબ અથવા મંજુર થયેલ અંદાજના જથ્થા એ બેમાંથી જે ઓછુ હોય તે ગણવાનું રહેશે અને મંજુર થયેલ અંદાજના આ આઇટમના ભાવથી થયેલ કામના જથ્થાનું ચુકવણું કરવાનું રહેશે.**

આઇટમ નં-૪

સિમેન્ટ, રેતી, ભરડીયાની કપચી વાપરીને ચેકડેમના ભાગો જેવા કે બોડીવોલ, સાઇડવોલ, એપ્રોન, ટો વોલ, એબટમેન્ટ વિગેરેમાં સી.સી.૧:૩:૬માં કોંકીટ નાખવાની કામગીરી તમામ લીડ અને લીફટ સાથે તેમજ જરૂરી ફોર્મવર્ક, કોમ્પેકશન , ફીનીસીંગ સહિતની કામગીરી

આ કામ માટે વાપરવાનો જરૂરી માલસામાન સરકારશ્રીના નિયત કરેલ ધારાધોરણ મુજબનો સારી ગુણવત્તા ધરાવતો હોવો જોઇએ. કોંક્રીટમાં સિમેન્ટ , રેતી તથા કપચી મેટલનું પ્રમાણ નિયત પ્રમાણ ( ૧:૩:૬)મુજબનું રાખવાનું રહેશે.

સિમેન્ટ તાજો, ત્રણ માસની અંદરના ઉત્પાદનવાળો ( મીની સિમેન્ટ પ્લાન્ટમાં તૈયાર થયેલ વાપરવાનો રહેશે નહીં.) , આઇ એસઆઇ માર્કાનો , સ્ટાન્ર્ડડ ઉત્પાદકનો , ૪૩ ગ્રેડ કે તેનાથી વધુ ગ્રેડનો ઓપીસી હોવો જોઇએ.

રેતી સારી, ચોખ્ખી, કાંપ કે માટી વગરની ચાળણીથી ચાળેલી વાપરવાની રહેશે. રેતીમાં સીલ્ટનું પ્રમાણ ૫ ટકાથી વધવું ન જોઇએ અને તેનો એફ એમ ૨.૦ થી ૩.૨ સુધીનો હોવો જોઇએ.

ગ્રીટ -કપચી સારા બેસાલ્ટ પથ્થરની મજબુત, દળદાર, છાંટ વગરની હોવી જોઇએ. ગ્રીટની સાઇઝ ૪.૭૫મી.મી થી ૧૨ મી.મી. તથા કપચીની સાઇઝ ૧૨ મી.મી થી ૪૦ મી.મી સુધીની મશીન ક્રસ્ડ ગ્રેડેડ વાપરવાની રહેશે. કપચી ચપટી કે અણીદાર ન હોવી જોઇએ.

ચેકડેમના વિવિધ ભાગોના માપ, સાઇટ ઉપરની માલસામાનની પરિસ્થિતિ, માલસામામાં રહેલ ભેજના પ્રમાણને ધ્યાને રાખી સાઇટ પરના ઇજનેરશ્રીની સુચના મુજબ ગ્રીટ-કપચી તથા રેતીના પ્રમાણમાં વધઘટ કરવાની રહેશે.. મીલરમાં રેતી, સિમેન્ટ,ગ્રીટ- કપચીમાં પાણીનું પ્રમાણ વધારે હોવું જોઇએ નહીં તેમજ તૈયાર થયેલ કોંક્રીટ મીક્સમાંથી પાણી અલગ થઇ જવું ન જોઇએ.

સિમેન્ટ કોંક્રીટનો માલ કોંકીંટ મીક્ષ્ચરમાં જ બનાવવાનો રહેશે. એક સમયે એકી સાથે વધુમાં વધુ એક જ સિમેન્ટ થેલીનો માલ બનાવી શકાશે અને માલ બનાવ્યા પછી તરત જ તેનો ઉપયોગ કરવાનો રહેશે. પડતર માલ વાપરવા દેવામાં આવશે નહીં.

કપચી ભરવા માટે પાવલી/બોક્ષનો ઉપયોગ કરવાનો રહેશે. નિયત પ્રમાણમાં સિમેન્ટ, રેતી અને કપચી મીક્ષ્ચરમાં નાંખીને મીક્ષ્ચરને ૨ મીનીટ સુધી ફેરવી બરાબર મીક્ષ કરવાનું રહેશે તૈયાર થયેલ કોંક્રીટનો માલ/જથ્થો ૩૦ મીનીટમાં જ સ્થળે વધુમાં વધુ ૩૦ સે.મી. જાડાઇના થરમાં પાથરવાનો રહેશે. કોંક્રીટનો માલ સારી રીતે ખાંપીને ભરવાનો રહે જેથી પોલાણ કે જગ્યા ન રહે.આ માટે નિડલ વાઇબ્રેટરનો ઉપયોગ કરવાનો રહેશે.કોંક્રીંટના માલનું કાસ્ટીંગ કરતી વખતે સિમેન્ટ , રેતી , ગ્રીટ-કપચી છૂટા ન પડી જાય તેનું ધ્યાન રાખવાનું રહેશે. કોંક્રીટકામમાં બોડીવોલ, એપ્રોન, તો વોલ તથા કી વોલનું સમગ્ર કોંક્રીટકામ એકીસાથે મોનોલીથીક રીતે લેવલ મુજબનું કરવાનું રહેશે.આ ઉપરાંત ચેકડેમની આખી લંબાઇમાં અમુક ભાગમાં કોંક્રીટકામ ઉંચું અને અમુક ભાગમાં નીચું ન કરતાં એક સરખી ઉંચાઇનું કરવાનું રહેશે.

આ કામ માટે વાપરવાના સઘળા સાધનો જેવા કે ફોર્મવર્ક , માલસામાન, મીક્ષ્ચર, વાઇબ્રેટર વિગેરેની સગવડ પ્રયોજકે પોતાના ખર્ચે કરવાની રહેશે. ફોર્મવર્કની ગોઠવણી એવી રીતે કરવાની રહેશે કે જેથી કામની લાઇનની જોમેટ્રી બગડે નહીં. સેન્ટરીંગકામ લાઇનદોરીમાં એવું હોવું જોઇએ કે જેથી તેને ખોલાવ્યા પછી પણ લાઇન દોરી જળવાઇ રહે.જો કોઇ કામ લાઇનદોરીમાં ન હોય તો તેને તુરત જ ૨ ડીજલીંગ કરી લાઇનદોરીમાં કરી આપવાનું રહેશે અને તેની ઉપર પ્લાસ્ટરીંગ પણ કરી આપવાનું રહેશે જેનો કોઇ ખર્ચ મજરે આપવાનો થશે નહીં.

એકવાર થયેલ કોંક્રીટકામને ઓછામાં ઓછુ ૧૪ દિવસ સુધી સતત પાણી છાંટી ક્યોરીંગ કરવાનું પણ રહેશે. સીમેન્ટ કોંક્રીટની સપાટી ઝડપથી સુકાય નહીં અને સતત પાણીથી ભીંજાયેલી રહે તે માટે જરૂર પડે કંતાનના કોથળાનો ઉપયોગ કરવાનો રહેશે.સતત પાણીથી સપાટી ભીંજાયેલી રાખવાની રહેશે. ક્યોરીંગ માટે જરૂર પડે ક્યોરીંગ કંપાઉન્ડ પ્રયોજક પોતાના ખર્ચે વાપરી શકશે. ૨૮ દિવસને અંતે કોંક્રીટની સખ્તાઇ ધારાધોરણ મુજબની હોવી જોઇએ.

**કામ નિયમ પ્રમાણે લાઇન લેવલમાં સારી ગુણવત્તાવાળું કરવાનું રહેશે. જો સાઇટ ઇજનેરશ્રીને ગુણવત્તા નબળી  જણાય તો પ્રયોજકશ્રીએ તેમના ખર્ચે દૂર કરી નવેસરથી કરી આપવાનું રહેશે.**

**કોંક્રીટકામના જથ્થાને ઉપર આઇટમ નં.૩માં દર્શાવ્યા મુજબ ઘનમીટરમાં ગણવાનો રહેશે અને મંજુર થયેલ અંદાજ મુજબના આ આઇટમના ભાવથી  થયેલ કામના જથ્થાનું ચુકવણું કરવાનું રહેશે. આ કામના ભાવમાં ઉપરોક્ત બધી જ કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે.**

## આઇટમ નં-૫
## સિમેન્ટ, રેતી, ભરડીયાની કપચી વાપરીને સી.સી.૧:૨:૪ માં કોંકીટ નાખવાની કામગીરી તમામ લીડ અને લીફટ સાથે તેમજ જરૂરી ફોર્મવર્ક, કોમ્પેકશન , ફીનીસીંગ સહિતની કામગીરી

**આ કામ માટે વાપરવાનો જરૂરી માલસામાન સરકારશ્રીના નિયત કરેલ ધારાધોરણ સારી ગુણવત્તા ધરાવતો હોવો જોઇએ. કોંક્રીટમાં સિમેન્ટ , રેતી તથા કપચી મેટલનું પ્રમાણ નિયત પ્રમાણ ( ૧:૨:૪)મુજબનું રાખવાનું રહેશે.આ કામમાં કપચીની સાઇઝ ૧૨ મી.મી.થી ૨૦ મી.મી ના વાપરવાની રહેશે.**

**બાકીની  કામગીરી તથા વિગતો ઉપર આઇટમ નં.૪ મુજબ રહેશે.**

**આ કામ મંજુર થયેલ નકશા અંદાજ મુજબ તથા સાઇટ ઇજનેરશ્રીની સુચનાઓ મુજબ કરવાનું રહેશે. આ કામનું માપ પ્રતિ ઘનમીટરમાં થયેલ કામના જથ્થા મુજબ અથવા તો મંજુર થયેલ જથ્થા જે બેમાંથી ઓછું હોય તે મુજબ ગણવાનું રહેશે અને મંજુર થયેલ અંદાજના ભાવ મુજબ ચુકવણું કરવાનું રહેશે.**

## આઇટમ નં.૬
## સપ્લાઇંગ એન્ડ ફીકસીંગ સ્ટીલ રેઇનફોર્સમેન્ટ

**રેઇનફોર્સમેન્ટ સીમેન્ટ કોંક્રીટકામ માટે વાપરવાનું થતું લોખંડ ( સળિયા) ઉંચી ગુણવત્તા ધરાવતું, કાટ વગરનું માઇલ્ડ સ્ટીલ કે ટોર સ્ટીલ પ્રકારનુ અંદાજ મુજબની સાઇઝનું હોવું જોઇએ. નકશામાં જણાવેલ માપ મુજબ, સાઇઝ તથા આકારમાં યોગ્ય સુચવેલ અંતરે ગોઠવવાનું રહેશે. સળિયાના સાંધા સાઇટ ઇજનેરની સુચના મુજબ ઓવરલેપ કરવાના રહેશે અથવા તો વેલ્ડીંગ કરવાના રહેશે. સળિયા બાંધવા માટે બેન્ડીંગ વાયરનો ઉપયોગ કરવાનો રહેશે જેનું અલગ ચુકવણું કરવામાં આવશે નહીં. ઓછી લંબાઇ ધરાવતા કટ સાઇઝના  સળિયા વાપરવા દેવામાં આવશે નહીં. લોખંડ પ્રયોજકશ્રીના ખર્ચે લાવવાનું રહેશે જેમાં તેને લગતો પરિવહન ખર્ચ, ચઢાવ-ઉતાર ખર્ચ, ગોઠવણી ખર્ચ, સેલ્સ ટેક્ષ, વેટ-ટેક્ષ, ઓકટ્રોય કે અન્ય કોઇપણ સરકારી કર પ્રયોજકશ્રીએ જ ભોગવવાનો રહેશે.**

**એન્કર બાર તરીકે વાપરવાના થતા લોખંડના સળિયા જરૂરી માપ, સાઇઝ, લંબાઇ અને વ્યાસના વાપરવાના રહેશે. એન્કર બારને જરૂરી વળાંક આપી ડ્રીલહોલમાં નાખી હોલમાં સિમેન્ટ સ્લરીથી ફીટ કરવાના રહેશે. જે માટે વધારાનું ચુકવણું કરવામાં આવશે નહીં.**

**સળિયાના માપો તેની લંબાઇમાં મીટરમાં ગણી તેના માપના સ્ટાન્ડર્ડ વજન મુજબ પ્રતિ કિલોગ્રામમાં ગણી મેટ્રીક ટનના ભાવ મુજબ ચુકવણું કરવામાં આવશે.**

આઇટમ નં. ૭

સોફ્ટ રોક અથવા હાર્ડ રોકમાં ૧૫ સે.મી વ્યાસનું ૭૫ સે.મી.ની મર્યાદામાં ઉંડાઇનું બોરીંગ:

**સોફ્ટ રોક અથવા હાર્ડ રોક અને કોંક્રીટનું બોન્ડ મેળવવા માટે સોફ્ટ રોક અથવા હાર્ડ રોકમાં ૧૫ સે..મી. વ્યાસનું ૭૫ સે.મી. નું ઉંડું બોરીંગ કરવાનું રહેશે. ૧૬ મી.મી. વ્યાસના લોખંડના સળિયા ( એન્કરબાર) નું સુચના મુજબનું પાંજરૂ બનાવીને સીમેન્ટ અને પાણીની સ્લરીથી ફીટ કરવાનું રહેશે. આ પ્રકારના એન્કરબાર અને તેના પાંજરાની સંખ્યા પાયાના પથ્થરને અનુરુપ હવાલાના ઇજનેરશ્રીની/ભુસ્તરશાસ્ત્રીની સુચના મુજબ રાખવાની રહેશે.**

**એન્કરબારનું ચુકવણું આઇટમ નં.૬ મુજબ કરવામાં આવશે.અને બોરીંગ કામનું ચુકવણું પૂર્ણ થયેલ આઇટમ સાથે નંગ પ્રમાણે કરવાનું રહેશે.**

આઇટમ નં. ૮

આરસની ચેકડેમની વિગતો લખેલી તકતી લગાડવાનું કામ:

**આરસ પથ્થરની ૬૦ સે.મી x૬૦ સે.મી x૨.૫ સે.મી. ની તકતી લાવીને તકતી ઉપર ઇજનેરના માર્ગદર્શન પ્રમાણે લખાણ કોતરીને ચેકડેમના કોંક્રીટની દિવાલમાં જણાવ્યા પ્રમાણે સીમેન્ટ મોર્ટાર ૧:૩ થી ફીટ કરવાની રહેશે. દરેક ચેકડેમ દીઠ એક જ તકતી લગાવવાની રહેશે.**

**તકતીનું ચુકવણું પ્રતિ નંગ લેખે ચુકવવામાં આવશે.**

આઇટમ નં ૯

હાર્ડ રોકમાં ૨૫ મીમી વ્યાસનું ૬૦ સેન્ટીમીટર ની મર્યાદામાં ઉંડાઇનું બોરીંગ:

**હાર્ડ રોક અને કોંક્રીટનું બોન્ડ મેળવવા માટે જે સંજોગોમાં આઇટમ-૭ મુજબ એન્કરીંગ કરવું શક્ય ન હોય તેવા કિસ્સામાં ૨૫ મી.મી. વ્યાસનું ૬૦ સે.મી. નું ઉંડું બોરીંગ કરવાનું રહેશે. ૧૬ મી.મી. વ્યાસના લોખંડના સળિયાને સુચના મુજબ સીમેન્ટ અને પાણીની સ્લરીથી સળિયો ફીટ કરવાનો રહેશે. એન્કર**

**બારની સંખ્યા પાયાના પથ્થરને અનુરુપ હવાલાના ઇજનેરશ્રીની/ભુસ્તરશાસ્ત્રીની સુચના મુજબ રાખી કરવાનું રહેશે.**

**એન્કરબારનું ચુકવણું આઇટમ નં.૬ મુજબ કરવામાં આવશે.અને બોરીંગ કામનું ચુકવણું પૂર્ણ થયેલ આઇટમ સાથે નંગ પ્રમાણે કરવાનું રહેશે.**

**ઉપર જણાવેલ સ્પેશીફીકેશન અમે વાંચ્યા છે, સમજ્યા છે અને તે પ્રમાણે ચેકડેમનું કામ કરવા અમો ખાતરી આપીએ છીએ અને અમોને બંધનકર્તા છે જે બદલ અમોએ નીચે મુજબ સહી** કરેલ છે.

કાર્યપાલક ઇજનેરશ્રીની સહી

પ્રાયોજકશ્રીની સહી
(ખેડુત લોકજુથ/ ઔદ્યોગિક ગૃહ/ સ્વૈચ્છિક સંસ્થાનું નામ)

તારીખ:

સાક્ષી (૧)

(૨)